BRAMPTON

Media Release

ત્વરિત જાહેરાત માટે

# આખા વિશ્વના સ્વાદોની લિજ્જત માણો ઘર આંગણે: સીટી ઓફ બ્રૅમ્પટન જારી કરે છે બ્રૅમ્પટન ફૂડ ગાઈડ

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (01 માર્ચ 2021) – વિશ્વમાંથી પ્રેરણા લઈને અને સ્વદેશી મૂળ સાથે બ્રૅમ્પટન ફૂડ ગાઈડ હવે ઓનલાઇન ઉપલબ્ધ છે.

બ્રૅમ્પટન ફૂડ ગાઈડમાં જોવા મળશે 54 રેસ્ટોરન્ટો અને માર્કેટો તેમજ શહેરના શ્રેષ્ઠ ભોજન સ્થળો, સ્થાનિક શેફના મનપસંદ સ્થળો, બ્રૅમ્પટનની બર્ગર ટૂર અને સ્થાનિક ફૂડ ઈન્ફ્લુએન્સરોની ભલામણો જેમાં સામેલ છે:

- ઍન્ડ્રિયા બૅરેટ (Andria Barrett), આરોગ્ય અને પોષણ વક્તા
- સુરેશ ડૉસ (Suresh Doss), CBC ફૂડ એન્ડ ડ્રિંક લેખક
- ઈડન હાગોસ (Eden Hagos), સંસ્થાપક, BLACK FOODIE (બ્લેક ફૂડી), ઓનલાઇન ફૂડ પ્લેટફોર્મ
- રોઈસ લી (Royce Li), ભૂતપૂર્વ ટીમ કેનેડા પેસ્ટ્રી શેફ અને પીલ ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડ હાઈસ્કૂલના શિક્ષક
- રિક મથારૂ (Rick Matharu), 'રેસિપિ ટૂ રિચિઝ (Recipe to Riches)' વિજેતા, શેફ, Rick's Good Eats ના માલિક
- કિફર નઝરથ (Kiefer Nazareth), ડિજિટલ માર્કેટર અને Mr. Social Eats ના સંસ્થાપક
- હવિઆહ માઈટી (Haviah Mighty), Polaris Music પુરસ્કાર વિજેતા કલાકાર
- કિરણ રાય (Kiran Rai), એક્ટર અને ક્રિએટિવ ડિરેક્ટર
- જેસન રોસો (Jason Rosso), શેફ અને J. Red & Co.ના માલિક

બ્રૅમ્પટન ફૂડ ગાઈડ વિશે વધુ માહિતી માટે, અહીં ક્લિક કરો.

**સુવાક્યો**

"કેનેડાના વૈવિધ્યસભર સમાજ તરીકે સિટી ઓફ બ્રૅમ્પટન એક અનન્ય પાકકલાનો અનુભવ પ્રદાન કરશે જેમાં દુનિયાભરના અને અસ્સલ સ્વાદ ચાખવા મળશે. અમારી નવી ગાઈડ વાંચો અને આંતરરાષ્ટ્રીય ક્યુઝિન અજમાવો અને સાથે સ્વતંત્ર વ્યવસાયોને સુરક્ષિત રીતે મદદરૂપ થાઓ.

- *પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

" અનેક પ્રથમ પેઢીના કેનેડિયનો ઘરના ભોજન ખાઈને મોટા થયા, જ્યારે તેમના માતાપિતાને હંમેશા પોતાની આસપાસના નતનવા સ્વાદો સાથે પોતાના વતનના સ્વાદની યાદો સતાવતી રહી. ઉભરતા શેફોએ એટલેજ હવે સ્વાદના સંયોજનોમાંથી પ્રેરણા લઈને જબરદસ્ત ફ્યુઝન વ્યંજનો બનાવ્યા જે આખા શહેરમાં મળી રહ્યા છે."

- *રોવેના સાન્તોસ, રીજનલ કાઉન્સિલર , વૉર્ડ 1અને 5; પ્રમુખ, કમ્યુનિટી સર્વિસિસ, સિટી ઓફ બ્રૅમ્પટન*

બ્રેમ્પટનની વૈવિધ્યસભર વસ્તીને વિશ્વભરમાંથી તેમની અનોખા સ્વાદ શેર કરવાનું ગૌરવ છે. બ્રૅમ્પટનમાં અનેક કુશળ શેફ્ વસે છે જેઓ પોતાની સંસ્કૃતિમાંથી પ્રેરિત થઈને અવનવા વ્યંજનો સર્જે છે. અમારી ગાઈડને વાંચી જુઓ અને વખતે તમને કોઈ નવું ગમતું મળી આવે!"

- *હરકિરત સિંઘ સિટી કાઉન્સિલર, વૉર્ડ 9અને 10, પ્રમુખ, કોર્પોરેટ સર્વિસિસ, સીટી ઓફ્ બ્રૅમ્પટન*

"બ્રૅમ્પટન તો એક બહુરંગી સાથિયો છે અને કૅનેડાની નવમી સૌથી વધુ, 7,00,000 લોકોની વસ્તી ધરાવે છે જેનાથી આપણો ગતિશીલ સમાજ સર્જાયો છે. આ વૈવિધ્ય આખા શહેરમાં ઉપલબ્ધ અલગ અલગ ક્યુઝિનોમાં ઝળકે છે અને તેથી જ અમને આ ગાઈડ આપની સમક્ષ મુકતા હર્ષની લાગણી થાય છે જ્યાંથી રહેવાસીઓ સ્થાનિક વ્યવસાયોને મદદરૂપ થઈને વૈશ્વિક વ્યંજનોનો સ્વાદ લઈ શકશે."

- *ડેવિડ બારિક, ચીફ્ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર (David Barrick, Chief Administrative Officer), સિટી ઓફ્ બ્રૅમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ્ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca